| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ. | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી પરચું.(જામીન) અરજી નં.૨૫૬/૨૦૨૬**
**આંકઃ-૮**

**અરજદાર/આરોપી** **(૧)પરમાર રાજવીર વિપુલભાઈ**
ઉ.વ.આ.૧૮, ધંધો.વેપાર,
રહે.હોડલથી, તા.જી.રાજકોટ.
**(૨)પરમાર મીત ઉર્ફે મિતરાજ ભરતભાઈ**
ઉ.વ.આ.૨૫, ધંધો.વેપાર,
રહે.ખેરડી, તા.જી.રાજકોટ.
**વિરૂધ્ધ**
**સામાવાળા** – **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

---

અરજદાર/આરોપીઓ તરફે **:-** વિ.વ.શ્રી.એ.પી.સોલિયા.
સરકાર તરફે **:-** વિ.સરકારી વકીલ.શ્રી.પી. કે. દવે.

---

**વિષય :–** બી.એન.એસ.એસ. ની ક.૪૮૨ મુજબ આગોતરા જામીન અરજ

**–// ચુકાદો //–**

(૧) આ કામે આરોપીઓને મહેસાણા શહેર બી–ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૬૦૪૫૨૬૦૧૪૪/૨૦૨૬ બી.એન.એસ. ની ક.૧૧૦(૧) અને ૫૪ મુજબના ગુનાના કામે પોલીસ અટક કરશે તેવી દહેશત લાગતા આરોપીઓએ બી.એન.એસ.એસ.ની ક.૪૮૨ મુજબ આગોતરા જામીન ઉપર જામીન મુક્ત થવા હાલની અરજ ગુજારેલ છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદારો તરફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો કે, આ કિસ્સામાં ફરીયાદીએ ખોટી વિગતો જાહેર કરી આરોપીઓને ખોટી રીતે સંડોવવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલી છે. આ કિસ્સામાં ફરીયાદીના પત્ની લગ્નના પ્રસંગમાં ગયેલા અને ત્યાં ઝઘડો થયેલ હતું જેથી તે બાબતેની રીસ રાખીને હાલની ખોટી ફરીયાદ ફરીયાદીએ કરેલી છે. આ કિસ્સામાં ફરીયાદીની પત્ની કોઈ ઘરેણા લઈ ગયેલી નથી તેવી વિગત પોલીસને જણાવેલી છે. વધુમાં આ કેસમાં મીડિયા દ્વારા ખોટી વિષય વસ્તુ પ્રસારિત કરીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવેલા છે. હાલમાં કોઈ ઈજા પામનાર અંદરના દર્દી તરીકે નથી. વધુમાં આ કામે ફરીયાદીને જે ઈજા થયેલી છે તે બનાવમાં ફરીયાદી પોતે જ ખોટી રીતે ગાડીમાં લટકેલા હતા અને તેના કારણે ફરીયાદીને ઈજા થયેલી છે. વાસ્તવમાં ફરીયાદીની પત્ની અને હાલના આરોપીઓ કે જે ફરીયાદીની પત્નીના દૂરના સગા થાય છે તેઓ ગાડી લઈને જતા હતા અને તે સમયે ફરીયાદી અને તેના મળતીયા ઈસમો હુમલો કરી માર મારવાની તજવીજમાં હતા અને તે દરમિયાન આ ફરીયાદી પડી જતા ઈજા થયેલી

છે. જેથી ઈરાદાપૂર્વક કોઈ ઈજા કરવામાં આવેલી નથી. હાલના અરજદારો સમાજના આબરૂદાર ઈસમો છે તેમજ તેઓની સ્થાવર તથા જંગલ મિલકત આવેલી છે અને પોલીસને તપાસમાં સાથ સહકાર આપવા તૈયાર છે. જેથી આરોપીઓની હાલની આગોતરા જામીન અરજી નામંજૂર (રદ) કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વ.શ્રી ની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ફરીયાદીની પત્ની હાલના આરોપીઓ સાથે ગાડીમાં ફરીયાદીના દાગીના લઈને ભાગી ગયેલ અને તે વિગતની જાણ ફરીયાદીને થતા તેઓ પાછળ ગયેલા ત્યારે આ આરોપીઓ દ્વારા ગાડી ઉભી રખાવેલી નહીં અને ફરીયાદીને ગાડીમાં ખેંચી અને ફેંકી દીધેલા. જેમાં ટ્રક સાથે અથડાવવાથી ઈજા થયેલી છે. જેથી બનાવવાની ગંભીરતા ધ્યાને લેતા ગુનો ગંભીર બને છે અને ગુનાની તપાસ માટે આરોપીઓના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન માટેની જરૂરીયાત હોય આરોપીઓની હાલની આગોતરા જામીન અરજી નામંજૂર (રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાને લીધું. તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાન લીધી.

(૫) આ કામે હાલના ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ આરોપીઓના નામજોગ ફરીયાદ આપેલી છે. વધુમાં આ ફરીયાદની વિગતો ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એવું સ્પષ્ટ જણાવેલ છે કે,

> " તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ હુ તથા મારી પત્ની હૈત્વી તથા મારા માતા-પિતા એ રીતેના અમારા ઘરે હાજર હતા. તે વખતે રાત્રીના આશરે અગિયારેક વાગ્યાના સુમારે મારી પત્ની હૈત્વીએ મને કહેલ કે મારી સાથે આવેલ રાજવીરને આવતીકાલે નવ વાગે રાજકોટ મીટીંગ જવાનુ

> છે જેવી મારે અત્યારે નીકળવુ પડશે તેવી વાત કરતા મે મારા માતા–પિતાને વાત કરેલ માથે પિતાએ કહેલ કે, અત્યારે અગિયાર વાગ્યા છે જો રાજવીરને જવુ હોય તો ભલે જાય મારો દીકરો એટલે હું સવારે પાંચ વાગે તને બરોડા જતી બસમાં મુકવા આવીશ તેમ કહેતા મારી પત્ની કહેલ કે ના મારે અત્યારે નીકળવુ છે તેમ કહીને મારા ઉપરના માળે તેના રૂમમાં ગયેલ અને થોડીવાર પરત આવેલ અને એક ગાડી અમારા ઘરની બહાર ઉભી હતી તે ગાડીમાં બેસી ગયેલ અને જે ગાડીનો નંબર પ્લેટ લગાડેલ ન હતી અને પરંતુ ગાડીમાં નંબર પ્લેટ પડેલ હતી જેનો નંબર મે જોયેલ તો GJ–15–CG–5456 નો હતો જે ફોર્ચ્યુનર સફેદ કલરની હતી તે ગાડીમાં પાછળ બેસી ગયેલ અને નિકળી ગયેલ અને ત્યારપછી હું મારા ઘરમાં ગયેલ અને મારા રૂમમાં ગયેલ અને જોતા મારા રૂમનુ કબાટ ખુલ્લુ હતુ અને મારા કબાટમાં જોતા મારા સોનાના દાગીના લકી તથા બે વીંટી તથા ચેઈન જણાયેલ નહી જેથી મે મારી પત્ની હેત્વીને ફોન કરી કહેલ કે તુ મારા સોનાના દાગીના થઇ ગયેલ છે તે મને પાછા આપી દે તેમ કહેતા મારી સાથે વાત કરેલ નહી અને ફોન મુકી દેતા મને શંકા જતા ''

તે રીતે **જે બનાવ બનેલો છે તે બનાવની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની પત્નીની ગુનાહિત જવાબદારી ફરીયાદીના ઘરમાંથી દાગીના ચોરીને લઈ જવાની હોય તેવું આ તબક્કે પ્રથમ દષ્ટિએ સ્પષ્ટ થાય છે**. વધુમાં, **જો પતિ પત્ની વચ્ચે ફરીયાદી જણાવે છે તે પ્રમાણેનો કોઈ બનાવ બનેલો છે તો સ્વાભાવિક રીતે પત્ની પોતાના પતિનો ફોન આવે અને વાતચીત કરે રસ્તામાં કોઈ જગ્યાએ પતિ ગાડી ઉભી રખાવે તો, વાત કરવા માટે જણાવે તો પત્ની સ્વાભાવિક રીતે ગાડી ઉભી રાખી પોતાના પતિ સાથે વાત કરે. જેથી આ કિસ્સામાં ફરીયાદીની પત્નીનો આરોપીઓ સાથે ૧૧ વાગ્યા બાદના સમયમાં જવાનું કૃત્ય એ હકીકતને સ્પષ્ટ કરે છે કે, ફરીયાદીની પત્ની અને આરોપીઓનો ઈરાદો ચોખ્ખા હાથનો નથી**.

(૬) આ કામે હાલના આરોપીઓ ફરીયાદીની પત્નીના સગા ભાઈ નથી કે કાકા ના દીકરાના સંબંધે ભાઈ થતા હોય તેવો સંબંધ નથી તેમ જ મામા કે ફોઈના કે માસીના સંબંધે તેઓના દીકરા તરીકે ભાઈનો

સંબંધ હોય તેવું પણ જાહેર કરતા નથી. આ સિવાય ફરીયાદીની પત્ની આરોપીઓને રાખડી બાંધતી હોય અને ધર્મના ભાઈ બનાવેલા હોય તેવી આરોપીઓ તરફે રજૂઆત નથી. વધુમાં **અત્રેની અદાલત દ્વારા કઈ વ્યક્તિના સંબંધ થકી ફરીયાદીની પત્ની સાથે સંબંધ છે તે મુદ્દા ઉપર પુછતા આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ચોક્કસ કઈ વ્યક્તિ થકી સંબંધ ચાલતો આવેલ છે તે વિગત અદાલતને જણાવી શકેલા નથી. જેથી બનાવના સંજોગો અને ચોક્કસ સંબંધની વિગત જાહેર થતી ન હોવાથી ફરીયાદમાં આ તબક્કે તથ્ય હોવાનું સ્પષ્ટ થાય છે**.

(૭) વધુમાં, **આ કામે ફરીયાદની વિગત ધ્યાને લેતા ફરીયાદી ફોર્ચ્યુનર ગાડીના ડ્રાઈવર પાસે ગયેલા અને ત્યાં ગાડી ઉભી રખાવવા જણાવેલું અને આરોપી રાજવીર ગાડીમાં આગળ બેઠેલો હતો અને તે સમયે ડ્રાઈવરને ગાડી ઉભી રાખેલી નહીં અને આ ડ્રાઈવર પરમાર મીત ઉર્ફે મિતરાજનાઓએ આ ગાડી ટ્રક બાજુ દબાવતા ફરીયાદી નીચે પડી ગયેલા હતા. આમ, આ બનાવની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીને ગાડી દબાવી ટ્રક તરફ લઈ જવાનું જે કૃત્ય છે તે પ્રથમ દ્રષ્ટિએ ફરીયાદીનું ખૂન કરવાના ઈરાદાથી કરવામાં આવેલું કૃત્ય હોય તેવી વિગત સ્પષ્ટ કરે છે**. જેથી **આ કિસ્સામાં આરોપીઓ દ્વારા એકબીજાના મેળાપીપણામાં ખૂન કરવાની કોશિશ કરવામાં આવેલી હોય તેવું બનાવની વિગત અને તપાસના કાગળોની વિગતો જોતા સ્પષ્ટ થાય છે. જેથી આ કેસમાં બનાવની વિગતો જોતા ખૂન કરવાની કોશિશ નો પ્રથમ દ્દષ્ટિએ ગુનો બનતો હોવાથી ગુનો સાત વર્ષથી વધારે સજાને પાત્ર બને છે તેવું અત્રેની અદાલતનું ઉપરોક્ત ચર્ચાની વિગતે શુદ્ધ બુદ્ધિપૂર્વકનું માનવું છે**.

(૮) વધુમાં, આ કામે પોલીસ તપાસના કાગળોની વિગતોમાં ફરીયાદીની પત્નીનું પોલીસે જે નિવેદન લીધેલ છે તે નિવેદનની વિગત અને બનાવના સંજોગો ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ જે રજૂઆત

કરી રહેલા છે તેનાથી અલગ પ્રકારની રજૂઆત આ ફરીયાદીની પત્ની હેત્વીબાએ આરોપીઓ સાથેના સબંધ બાબતે કરેલી છે. જેથી **આ કેસમાં બનાવના સંજોગો જોતા આરોપીઓ સામે ખૂન કરવાની કોશિશનો પ્રથમ દષ્ટિએ ગુનો બનતો હોવાનું જણાય છે તેમજ તેની સાથે સાથે ફરીયાદીની પત્ની પણ આ ગુનામાં દાગીના ચોરી લઈ જવાની બાબત અને ફરીયાદીનું ખૂન કરવાની કોશિશમાં મદદગારી કરવા સંદર્ભે ગુનાહિત જવાબદારી ઊભી થાય છે**. જેથી આ કેસમાં આરોપીઓના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશન માટેની એકંદર હકીકતે પોલીસને વ્યાજબી જરૂરીયાત હોવાનું જણાય છે તેથી તમામ બાબતો ધ્યાન લેતા આરોપીઓની તરફેણમાં વિવેક બુદ્ધિની સત્તા વાપરવી ન્યાયના હિતમાં ઉચીત જણાતી નથી તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી આરોપીઓની હાલની આગોતરા જામીનની માંગણી કરતી અરજી નામંજુર (રદ્દ) કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૩/૦૩/૨૦૨૬
સ્થળ: મહેસાણા.

(એમ.એફ. ખત્રી)
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
મહેસાણા
જીજે૦૦૬૯૧